નં.જીઆઈડીસી/ ઓએન્ડએમ/સીઆઈઆર/કોસ્ટ/૦૫

જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.

તા૦૬-૦૬-૨૦૨૬

# ॥ પરિપત્ર ॥

**સંદર્ભ : પરિપત્ર નં :** જીઆઈડીસી/ ઓએન્ડએમ/સીઆઈઆર/કોસ્ટ/૦૭ તા. ૩૦/૦૬/૨૦૨૫

નિગમની તારીખ: ૨૦.૦૨.૨૦૨૬ ના રોજ યોજાયેલ ૫૨૫ મી સભામાં, જામનગર જીલ્લામાં આવેલ શેખપાટ ઔદ્યોગિક વસાહતના ફાળવણીદરની ફેરસમીક્ષા કરીને સંદર્ભિત પરિપત્રથી નક્કી કરેલ ફાળવણીદરમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

(૧) જામનગર જીલ્લામાં આવેલ શેખપાટ ઔદ્યોગિક વસાહતનો ૩૦૦૦ ચો.મી. કે તેથી નાના ઔદ્યોગિક પ્લોટ નો **ફાળવણીદર રૂ.૨,૮૩૦/- (અંદાજીત)** તથા અન્ય પ્લોટો (૩૦૦૦ ચો.મી. થી મોટા, વાણિજ્ય પ્લોટ વગેરે) નો **ફાળવણીદર રૂ.૩,૬૦૦/- (અંદાજીત)** નક્કી કરવામા આવે છે.

(૨) ઉપર મુજબનો ફાળવણીદર અંદાજીત હોવાથી આ ફાળવણીદર આખરી થયે, તફાવતની રકમ ફાળવણીદારો પાસેથી નિગમના નિતિ નિયમ મુજબ અલગથી વસુલ કરવાની રહેશે. જે અંગેનો ઉલ્લેખ ફાળવણીપત્ર તથા કરારખત/લીઝ ડીડ મા અચુક કરવાનો રહેશે.

(૩) આ ફાળવણીદર હાલમાં મંજુર વિકાસ નક્શા આધારિત નક્કી થયેલ હોય, તેમા કોઇ કારણસર ફેરફાર થવાના કારણે કોઇ પણ પ્લોટ ની કેટેગરી મા સુધારો કરી શકાશે નહી.

(૪) નિગમની હયાત નીતિ અનુસાર આ કિસ્સામાં લેન્ડ કોસ્ટ ઇક્વલાઇઝેશન ફંડ ખાતે તબદીલ કરવાની કે ફંડ ખાતેથી વસુલ કરવાની રકમ અંગે કાર્યપધ્ધતિ નિયત કરવા અંગેની તમામ સતા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવામાં આવે છે.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી

જીઆઈડીસી, ગાંધીનગર.

પ્રતિ,

(૧) નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

(૨) જનરલ મેનેજર – ગ્રેડ – ૧ (એસ એન્ડ એ), જી.આઈ.ડી.સી., ગાંધીનગર તરફ જાણ સારૂ તેમજ નિગમની વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવા સારૂ.

રવાના કર્યું.

જનરલ મેનેજર – ગ્રેડ – ૧ (મહેકમ)

જીઆઈડીસી, ગાંધીનગર.